JAMIN HUKAM-786

(12)

1449

નં.વીપી/જમીન/વશી/૧/૩૩૦૭ થી ૩૩૧૫/૨૦૧૩
કલેક્ટર કચેરી, ચીટનીશ શાખા, પાટણ
તા.૧૬/૧૨/૨૦૧૩

<u>વંચાણમાં લીધું :–</u>

(૧) અત્રેના હુકમ નં.વીપી/જમીન/વશી/૧/૬૫૯ થી ૬૬૭/૨૦૧૩ તા.૧૫/૦૨/૨૦૧૩

(૨) સંયુકત કમિશ્નરશ્રી, કેન્દ્રિય વિદ્યાલય સંગઠન, નવી દિલ્હીના પત્ર ક્રમાંક એફ/૧૧૦૭૨/૨૦૧૧/ કે.વી.એસ.તા.૦૨/૦૭/૨૦૧૩

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણના પત્ર ક્રમાંક આરએમએસએ/કેવીએસ/જમીન બાંધકામ/૪૫૨૯૨ તા.૨૪/૦૭/૧૩

(૪) અત્રેના પત્ર ક્રમાંક વીપી/જમીન/વશી/૧/૨૫૫૨/૧૩ તા.૦૫/૦૯/૧૩

(૫) મામલતદારશ્રી, પાટણના જમીન/વશી/૬૬૪૯/૧૩ તા.૧૧/૧૨/૧૩

(૬) નાયબ કલેકટરશ્રી, પાટણના પત્ર નં.જમીન/વશી/૫૪૪૦/૨૦૧૩ તા.૧૨/૧૨/૨૦૧૩

(૭) સરકારશ્રીના મ.વિ.ના પત્ર ક્રમાંક જમન/૨૨૦૯/૨૭૪/ગ. તા.૧૬/૧૧/૨૦૦૯

(૮) સરકારશ્રીના મ.વિ.ના પત્ર ક્રમાંક જમન/૩૯૧૨/ગ તા.૦૩/૧૦/૨૦૧૨

(૯) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક ઘ/માધ્ય/પરચ/૨૦૧૩/૩૫૧૧૪. તા.૨૨/૧૧/૨૦૧૩

(૧૦) જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ વહીવટી હુકમ નં.૩ ની જોગવાઈઓ

કલેકટર કચેરી પાટણ (ઉ.ગુ.)

<u>વહીવટી હુકમ :–</u>

આમુખ–૧માં નિર્દિષ્ટ અત્રેના તા.૧૫/૦૨/૨૦૧૩ ના હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૫૭૯/૧ ની હે.આરે.૨–૬૫–૧૮ ચો.મી. અને સ.નં.૫૭૬ ની હે.આરે.૦–૪૮–૭૬ ચો.મી. અને સ.નં.૪૪૯/૧માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી. મળી કુલ હે.આરે.૩–૨૪–૩૫ ચોમી. જમીન ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ અન્વયે અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગને તબદીલ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણના હવાલે મુકવા હુકમ કરવામાં આવેલ હતો.

આમુખ–૨ માં નિર્દિષ્ટ સંયુકત કમિશ્નરશ્રી, કેન્દ્રિય વિદ્યાલય સંગઠન, નવી દિલ્હીના તા.૦૨/૦૭/૨૦૧૩ પત્રથી શહેરી વિસ્તાર માટે ૧૦ એકર જમીનની કેન્દ્રિય વિદ્યાલય માટે જરૂરીયાત હોવાનુ જણાવેલ છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણએ આમુખ–૩ માં નિર્દિષ્ટ તા.૨૪/૦૭/૧૩ ના પત્રથી કેન્દ્રિય વિદ્યાલય માટે વધુ ૨ (બે) એકર જમીનની ફાળવણી કરવા માંગણી કરેલ છે. જેથી આમુખ–૪ માં નિર્દિષ્ટ અત્રેના તા.૦૫/૦૯/૧૩ ના પત્રથી ધોરણસરની દરખાસ્ત મામલતદારશ્રી, પાટણ પાસેથી મંગાવવામાં આવેલ હતી. મામલતદારશ્રી, પાટણએ આમુખ–૫ માં નિર્દિષ્ટ તા.૧૧/૧૨/૧૩ ના પત્રથી ધોરણસરની દરખાસ્ત તૈયાર કરી નાયબ કલેકટરશ્રી, પાટણને મોકલી આપેલ હતી. નાયબ કલેકટરશ્રી, પાટણએ આમુખ–૬ માં નિર્દિષ્ટ તા.૧૨/૧૨/૨૦૧૩ ના પત્રથી અભિપ્રાય સહ દરખાસ્ત અત્રે રજુ કરેલ છે. જેની વિગતે મોજે.સમાલપાટી તા.જી.પાટણના રે.સ.નં.૪૪૯/અ વાળી જમીન પૈકી ૨ (બે) એકર જમીન સ્થળે પડતર છે. કોઈ દબાણ નથી. પ્રશ્નવાળી જમીન નકશાની વિગતે અંદાજીત ૨ (બે) એકર જમીન કેન્દ્રિય વિદ્યાલય માટે ફાળવણી કરવા અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગને તબદીલ કરવામાં આવે તો વાંધા હરકત નથી તેવો અભિપ્રાય મામલતદારશ્રી, પાટણએ અભિપ્રાય આપેલ છે. નાયબ કલેકટરશ્રી, પાટણએ મોજે.સમાલપાટી તા.જી.પાટણના રે.સ.નં.૪૪૯/અ વાળી હે.આરે.૧૬–૧૮–૩૪ ચોમી જમીન પૈકી ૨ (બે) એકર જમીન કેન્દ્રિય વિદ્યાલય માટે ફાળવવા અભિપ્રાય આપેલ છે.

આમુખ–૭ થી સરકારશ્રીના મ.વિ.ના પત્ર તા.૧૬/૧૧/૨૦૦૯ થી સરકારી પ્રાથમિક/સરકારી માધ્યમિક શાળાઓ/સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/સરકારી બુનીયાદી શાળાઓ/સરકારી છાત્રાલયો/સરકારી આશ્રમ શાળાઓ તેમજ સરકારી કોલેજો જેવી સરકારી શૈક્ષણિક સંસ્થાઓને શૈક્ષણિક હેતુ માટે વધુમાં વધુ ૧ હેકટર ની મર્યાદામાં જમીન ફાળવવાના અધિકાર કલેકટરશ્રીને આપેલ છે.

સરકારશ્રીના આમુખ–૮ ના તા.૦૩/૧૦/૨૦૧૨ના પત્રથી શાળા/કોલેજો માટે એકર ૮–૦૦ ગુઠા સુધીની જમીન ગુજરાત જમીન મહેસૂલ નિયમો:૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારશ્રીની પુર્વ મંજુરી વિના શિક્ષણ વિભાગને તબદિલ કરવા સુચના આપેલ છે.સંયુકત કમિશ્નરશ્રી,કેન્દ્રિય વિધાલય સંગઠન,નવી દિલ્હી આમુખ–૨ ના તા.૦૨/૦૭/૨૦૧૩ ના પત્રથી કેન્દ્રિય વિધાલય માટે વધુ ૨ (બે) એકર જમીનની ફાળવણી કરવા માંગણી કરેલ છે તથા સરકારશ્રીના આમુખ–૮ ના તા.૦૩/૧૦/૨૦૧૨ ના પત્રથી સવાલવાળી જમીન ફાળવવા અધિકાર અત્રેના કાર્યક્ષેત્રમાં આવે છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

સબબ, ઉપરની હકીકતે આમુખ–૧ માં નિર્દિષ્ટ અત્રેના તા.૧૫/૦૨/૨૦૧૩ ના હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૫૭૯/૧ ની હે.આરે.૨–૬૫–૧૮ ચો.મી. અને સ.નં.૫૭૬ ની હે.આરે. ૦–૪૮–૭૬ ચો.મી. અને સ.નં.૪૪૯/અ માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી. મળી કુલ હે.આરે. ૩–૨૪–૩૫ ચોમી. જમીન કેન્દ્રિય વિધાલયના બાંધકામ માટે ફાળવી આપેલ જમીન ઉપરાંત વધારાની મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૪૪૯/અ ની ૨ (બે) એકર જમીન કેન્દ્રિય વિધાલયના બાંધકામ માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ અન્વયે અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગને તબદીલ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણના હવાલે મુકવા નીચેની શરતોને આધીન આથી હુકમ કરવામાં આવે છે.

:: શરતો ::

(૧) સદરહું જમીનનાં બાંધકામના નકશા અત્રેની કચેરીએ મંજુર કરાવી લેવાના રહેશે.

(૨) સદરહું જમીન જે હેતુ માટે ફાળવી છે તે હેતુ માટે જ ઉપયોગમાં લેવાની રહેશે.

(૩) સદરહું જમીનની માપણી જિલ્લા ઈન્સપેકટરશ્રી,જમીન દફતર, પાટણે સરકારી ખર્ચે કરવાની રહેશે.

(૪) સદરહું શાળાનું બિલ્ડીગ, રમત–ગમતનું મેદાન જયારે જરૂર પડે ત્યારે કોઈપણ સરકારી કામે વિના મુલ્યે વાપરવા માટે આપવાનું રહેશે.

(૫) શાળા / મેદાનના કોઈપણ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના દરેક માટે ખુલ્લાં રાખવા પડશે.

(૬) જે બાંધકામ કરવામાં આવે તે રાજયના રેખા નિયમન અને મકાન બાંધકામ નિયમને આધિન રાખવી પડશે.

(૭) તદઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) સવાલવાળી જમીનનો માપણી મુજબનો કબજો સુપ્રત કરવાની કાર્યવાહી મામલતદારશ્રીએ કરવાની રહેશે તથા અગાઉ ફાળવી આપેલ સ.નં.૪૪૯/અ ની જમીનની લગોલગ જ કબજો સુપરત કરવાનો રહેશે.

(૨) સદરહું જમીનના સ્થાનીક વેરા તેમજ બીન ખેતી આકાર અને તેના ઉપર થતા લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ દર વર્ષે નિયમીત ભરવાની રહેશે.

(૩) સદરહું જમીન નવીન અને અવિભાજય સત્તા પ્રકારની ફાળવેલ હોઈ કલેકટરશ્રીની મંજુરી સિવાય વેચાણ,ગીરો કે બક્ષીસ આપી શકાશે નહી.

(૮) સવાલાવાળી જમીન "શ્રીસરકાર" તરીકે રહેશે.

(૯) સવાલવાળી જમીન કોઇપણ પ્રકારે તબદીલ કે હેતુફેર કરી શકાશે નહી.

(૧૦) ફાળવેલ જમીનમાંથી કોઈ પણ નફો લઈ શકશે નહી તથા કોઈ પણ નફાકારક હેતુ માટે ઉપયોગમાં લઈ શકાશે નહી.

JAMIN HUKAM-786

(૧૧) સંસ્થાએ જમીનનો કબજો સોપવામાં આવે ત્યારથી છ માસમાં શરૂ કરીને બે વર્ષની મુદતમાં મકાન/મેદાનનું બાંધકામ/લેવલીગ પુરુ કરવાનું રહેશે. નિયત સમયમાં બાંધકામ/લેવલીગ કરવામાં નહી આવે તો જમીન સરકારમાં પરત લેવામાં આવશે.

(૧૨) આ જમીન સરકારશ્રીના હેતુ માટે જરૂર પડે પરત મેળવી શકાશે.

(૧૩) જે બાંધકામ કરવામાં આવે તેની ડીઝાઈન ભુકંપ પ્રુફ બનાવવાની રહેશે અને બાંધકામ રાજયના રેખા નિયમન અને મકાન બાંધકામ નિયમનને આધીન રાખીને કરવુ પડશે.

(૧૪) વધારાની ખુલ્લી જમીનમાં વૃક્ષો વાવવાના રહેશે.

(૧૫) લોકોને આવવા જવાનો રસ્તો ખુલ્લો રાખવાનો રહેશે. તથા વરસાદી પાણીને અવરોધ ન થાય તે મુજબ બાંધકામ કરવાનુ રહેશે.

(૧૬) લાગુ પડતા રસ્તાનો હકક અબાધિત રહેશે.

(૧૭) ઉપર્યુકત કોઈપણ શરત કે શરતોનો ભંગ કરશે તો જમીન કોઈપણ જાતનું વળતર આપ્યા વિના સરકારમાં પરત લેવામાં આવશે.

કલેકટર કચેરી પાટણ (ઉ. ગુ.)

સહી/–(જે.બી.વોરા)
કલેકટર પાટણ

નકલ સવિનય રવાના :–

(૧) સેકશન અધિકારીશ્રી મ.વિ. 'ગ' શાખા તરફ જાણ સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ વ નાણાંકીય ફાળવણી કરવા વિ. સહ

નકલ રવાના ::–

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ
૨. નાયબ કલે.શ્રી, પાટણ તરફ જાણ વ અમલ સારૂ.
૩. મામલતદારશ્રી, પાટણ તરફ જાણ વઅમલ સારૂ. (કામના કાગળો સહ)
૪. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, પાટણ તરફ જાણ વ અમલ થવા સારૂ.
૫. ના. મામ.શ્રી (ઈ--ધરા), પાટણ તરફ જાણ વ અમલ સારૂ.
૬. તલાટી કમ મંત્રીશ્રી, સમાલપાટી તા. પાટણ જિ. પાટણ
૭. કચેરી ફાઈલે. ૮. સિલેકટ ફાઈલે.
૯. અત્રેની કચેરીની એમ.એસ.સી શાખા તરફ આગળની તજવીજ સારૂ.

રવાના કર્યુ તા.૧૬/૧૨/૨૦૧૩

કલેકટર પાટણ વતી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
પાટણ. (ઉ. ગુ.)
19 DEC 2013
આવક નં. :– ૨૩૮૩૩
સહી :–

# કબજા પાવતી

હુ નીચે સહિ કરનાર પ્રિન્સીપાલ કેન્દ્રીય વિધાલય પાટણ કબજા પાવતી લખી આપુ છું કે મોજે સમાલપાટી તા.જિ.પાટણના નીચે જણાવ્યા મુજબના સર્વે નંબરોની જમીનો મે. કલેકટર સાહેબ પાટણના હુકમ નં.વીપી/જમીન/વશી-૧/૬૫૯ થી ૬૬૭/૨૦૧૩ તા.૧૫/૦૨/૨૦૧૩, નં.વીપી/જમીન/વશી-૧/૩૩૦૭ થી ૩૩૧૫, તા.૧૬/૧૨/૨૦૧૩, નં.વીપી/જમીન-૨/વશી/૧૨૪૬ થી ૧૨૫૭/૨૦૧૭ તા.૨૧/૦૪/૨૦૧૭ થી અમોને કેન્દ્રીય વિધાલય સંગઠન ભારત સરકાર અમદાવાદ રીજીયન ગાંધીનગરના નામથી એલોટ કરવામાં આવેલ છે. જે અંગે ડી.આઇ.એલ.આર. પાટણ મારફતે માપણી કરાવી રીમાર્કેશન કર્યા મુજબની જમીનોનો ખુલ્લો કબજો અમોને આજ રોજ સર્કલ ઓફીસર પાટણ શહેરએ સુપરત કરેલ છે.

| સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|
| ૪૪૯/૧ | ૦૦-૧૦-૪૧ |
| ૪૪૯/અ | ૦૦-૮૦-૯૪ |
| ૫૩૬ | ૦૦-૪૮-૭૬ |
| ૫૭૯/૧ | ૦૨-૬૫-૧૮ |
| | ૦૪-૦૫-૨૯ |

કબજો આપનાર

કબજો લેનાર

(૫)

નં.વીપી/જમીન–૨/વશી/ ૨૨૪૬થી ૨૨૫૭ /૨૦૧૭
કલેક્ટર કચેરી, ચીટનીશ શાખા,
પાટણ તા.૨૪/૦૪/૨૦૧૭

**વંચાણમાં લીધું ::–**

૧. અત્રેના હુકમ નં.વીપી/જમીન/વશી–૧/૬૫૯ થી ૬૬૭/૨૦૧૩ તા.૧૫/૦૨/૨૦૧૩

૨. અત્રેના હુકમ નં.વીપી/જમીન/વશી/૧/૩૩૦૭ થી ૩૩૧૫/૧૩ તા.૧૬/૧૨/૧૩

૩. મદનીશ કમિશ્નર અને Oftg નાયબ કમિશ્નર,કેન્દ્રિય વિધાલય સંગઠન,અમદાવાદ વિભાગના પત્ર નં. 120111/12/2014/KVSROADMN તા.૦૩/૦૪/૨૦૧૭

**સુધારા હુકમ ::–**

આમુખ–૧ માં નિર્દિષ્ટ હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૫૭૯/૧ ની હે.આરે.૨–૬૫–૧૮ ચો.મી. અને સ.નં.૫૭૬ ની હે.આરે.૦–૪૮–૭૬ ચો.મી. અને સ.નં.૪૪૯/૧માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી. મળી કુલ હે.આરે.૩–૨૪–૩૫ ચોમી. જમીન ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ અન્વયે અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગને તબદીલ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણના હવાલે મુકવા હુકમ કરવામાં આવેલ છે.

આમુખ–૨ માં નિર્દિષ્ટ હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૪૪૯/અ ની ૨ (બે) એકર જમીન કેન્દ્રિય વિધાલયના બાંધકામ માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ અન્વયે અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગને તબદીલ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણના હવાલે મુકવા હુકમ કરવામાં આવેલ છે.

મદનીશ કમિશ્નર અને Oftg નાયબ કમિશ્નર,કેન્દ્રિય વિધાલય સંગઠન,અમદાવાદ વિભાગના આમુખ–૩ માં નિર્દિષ્ટ પત્રથી આમુખ–૧ તથા ૨ ના હુકમથી ફાળવેલ જમીનમાં કે.વી.પાટણનું નામ દાખલ કરવા માંગણી કરેલ છે.

સબબ, આમુખ–૧ માં નિર્દિષ્ટ અત્રેના તા.૧૫/૦૨/૨૦૧૩ ના હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૫૭૯/૧ ની હે.આરે.૨–૬૫–૧૮ ચો.મી. અને સ.નં.૫૭૬ ની હે.આરે. ૦–૪૮–૭૬ ચો.મી. અને સ.નં.૪૪૯/અ માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી. મળી કુલ હે.આરે. ૩–૨૪–૩૫ ચોમી. જમીન તથા આમુખ–૨ માં નિર્દિષ્ટ તા.૧૬/૧૨/૧૩ ના હુકમથી મોજે. સમાલપાટી તા.જી.પાટણના સ.નં.૪૪૯/અ ની ૨ (બે) એકર જમીન કેન્દ્રિય વિધાલયના બાંધકામ માટે ફાળવવામાં આવેલ જમીન ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ અન્વયે અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગને તબદીલ કરી (ડેપ્યુ.) કમિશ્નરશ્રી,કેન્દ્રિય વિધાલય સંગઠનના હવાલે મુકવા સુધારા હુકમ કરવામાં આવે છે.

મૂળ હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

(કે.કે.નિરાલા)
કલેક્ટર પાટણ

નકલ સવિનય રવાના :–

(૧) સેકશન અધિકારીશ્રી, મહેસુલ વિભાગ 'ગ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના :–

૧. મદનીશ કમિશ્નર અને Oftg નાયબ કમિશ્નર,કેન્દ્રિય વિદ્યાલય સંગઠન,અમદાવાદ વિભાગ, સેકટર–૩૦,ગાંધીનગર (૩૮૨૦૩૦)

૨. નાયબ કલેકટરશ્રી, પાટણ તરફ જાણ વ અમલ સારૂ.

૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,પાટણ તરફ જાણ સારૂ.

૪. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી, જમીન દફતર, પાટણ તરફ જાણ–વ– અમલ સારૂ.

૫. મામલતદારશ્રી, પાટણ તરફ જાણ–વ– અમલ સારૂ.

૬. ના.મામલતદારશ્રી,(ઈ–ધરા) મામલતદાર કચેરી,પાટણ તરફ જાણ–વ– અમલ સારૂ.

૭. તલાટી કમ મંત્રીશ્રી,સમાલપાટી તા.જી.પાટણ

૮. સિલેકટ ફાઈલે. ૯. કચેરી ફાઈલે.

केन्द्रीय विद्यालय पाटण
Kendriya Vidyalaya Patan
क्र./Sr.No...113...
दिनांक/Date..03.07.2019..
नस्ति क्र./File No..120.112..
हस्ताक्षर/Initial..........

નં.વીપી/જમીન-ર/વશી/૧૧૭૨ થી ૧૧૭૫ /૧૯
કલેકટર કચેરી, પાટણ
તારીખ:-03/0૭/૨૦૧૯

વંચાણમાં લીધાં:-

(૧) અત્રેના હુકમ નં.વીપી/જમીન/વશી/૧/૬૫૯ થી ૬૬૭/૧૩ તા.૧૫/૦૨/૧૩

(૨) અત્રેના સુધારાહુકમ નં.વીપી/જમીન/૧/વશી/૩૩૦૭ થી ૩૩૧૫/૧૩ તા.૧૬/૧૨/૧૩

(૩) અત્રેના સુધારાહુકમ નં.વીપી/જમીન/ર/વશી/૧૨૪૬ થી ૧૨૫૭/૧૭ તા.૨૧/૦૪/૧૭

(૪) આચાર્યશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,પાટણની તા.૦૨/૦૪/૨૦૧૯ ની અરજી

હુકમ:-

મોજે.સમાલપાટી તા.જિ.પાટણના સ.નં-૫૭૯/૧ ની હે.આરે ૨-૬૫-૧૮ ચોમી,સ.નં-૫૭૬ ની હે.આરે ૦-૪૮-૭૬ ચોમી અને સ.નં-૪૪૯/અ માંથી હે.આરે ૦૦-૧૦-૪૧ ચોમી મળી કુલ હે.આરે ૩-૨૪-૩૫ ચોમી જમીન કેન્દ્રિય વિદ્યાલયના બાંધકામ માટે ફાળવી આપવા આમુખ-૧ થી હુકમ કરવામાં આવેલ છે.આમુખ-ર ના સુધારા હુકમથી મોજે.સમાલપાટી તા.જિ.પાટણના રે.સ.નં-૪૪૯/અ ની ર(બે) એકર જમીન આમુખ-૩ તળેના સુધારા હુકમથી અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગને તબદીલ કરી આસી.કમિશ્નરશ્રી,કેન્દ્રિય વિદ્યાલય સંગઠનના હવાલે મુકવા સુધારો કરવામાં આવેલ છે.

આચાર્યશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,પાટણે આમુખ-૪ થી અરજી આપી અત્રેના આમુખ-૧ તળેના હુકમની શરત નં-૧૧ મુજબ બાંધકામ/લેવલીંગની મુદત વધારી આપવા બાબતે માંગણી કરતાં મામલતદારશ્રી,પાટણે તા.૨૬/૦૬/૨૦૧૯ ના પત્ર નં.જમીન/વશી/૧૦૩૨/૧૯ થી પંચનામાની વિગતે સવાલવાળી જમીન સ્થળ ઉપર ખુલ્લી છે તેમાં કોઇપણ જાતનું બાંધકામ થયેલ નથી તેમ જણાવેલ છે.

સબબ,અરજદારશ્રી આચાર્યશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,પાટણે કેન્દ્રીય વિદ્યાલયના બાંધકામ સંદર્ભે બાંધકામની મુદત વધારી આપવા માંગણી કરેલ છે.કેન્દ્રીય વિદ્યાલયનો મુળભૂત હેતુ શૈક્ષણિક સંકુલ તૈયાર કરવા માટેનો છે.તે જોતાં તેઓની માંગણી વાજબી અને બરાબર હોઇ કેન્દ્રીય વિદ્યાલય,પાટણના બાંધકામ માટે ફાળવેલ મોજે.સમાલપાટી તા.જિ.પાટણના સ.નં-૫૭૯/૧ ની હે.આરે ૨-૬૫-૧૮ ચોમી,સ.નં-૫૭૬ ની હે.આરે ૦-૪૮-૭૬ ચોમી અને સ.નં-૪૪૯/અ માંથી હે.આરે ૦૦-૧૦-૪૧ ચોમી મળી કુલ હે.આરે ૩-૨૪-૩૫ ચોમી તથા રે.સ.નં-૪૪૯/અ ની ર(બે) એકર વાળી જમીનમાં બાંધકામ/લેવલીંગ કરવાની મુદત આ હુકમની તારીખથી ૧ (એક)વર્ષ સુધી વધારી આપવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આમુખમાં દર્શાવેલ હુકમોની અન્ય શરતો યથાવત રહેશે.

(આનંદ પટેલ)
કલેકટર પાટણ

કલેકટર કચેરી
પાટણ

પ્રતિ,
આચાર્યશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,પાટણ ઠે.શ્રીમતી કે.કે.ગર્લ્સ હાઇસ્કુલ કેમ્પસ મું.તા.જિ.પાટણ

નકલ રવાના:-

(૧) પ્રાંત અધિકારીશ્રી,પાટણ તરફ જાણ વ અમલવારી સારૂ.

(૨) મામલતદારશ્રી,પાટણ તરફ જાણ વ અમલવારી સારૂ.

(૩) તાલુકા વિકાસ અધિકારશ્રી,પાટણ તરફ જાણ વ અમલવારી સારૂ.

(૯) સીલેકટ ફાઇલે.

આઈસોલેટેડ એરીયા માટે

નં.તા.પં/જમીન/વશી/૭૯/૨૦૧૯

તાલુકા પંચાયત કચેરી પાટણ

તા૭૩/ ૭ /૧૯

બાંધકામ રજા ચીઠી:

અરજદાર પ્રિન્સીપાલશ્રી, કેન્દ્રીય વિધાલય પાટણ ની તા.૧૫/ ૩ /૨૦૧૯ ની મોજે:સમાલપાટી તા.જિ.પાટણ ના સ.નં.૫૭૯/૧હે.આરે.૨–૬૫–૧૮ ચો.મી.રે.સ.નં.૫૭૬ હે.આરે.૦–૪૮–૭૬ચો.મી.અને રે.સ.નં.૪૪૯/૧ માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી.એમ મળી કુલ હે.આરે.૩–૨૪–૩૫ ચો.મી.જમીન માં શૈક્ષણિક હેતુ કેન્દ્રીય વિધાલયના બાંધકામ ના હેતુ સારું બાંધકામ પરવાનગીની માંગણી અરજી બાબત નીચેની વિગતે નીચેની શરતોને આધીન બાંધકામ કરવા પરવાનગી આપવામાં આવે છે.

મોજે:સમાલપાટીતા.જિ.પાટણનારે.સ.નં.૫૭૯/૧હે.આરે.૨–૬૫–૧૮ચો.મી.રે.સ.નં.૫૭૬હે.આરે.૦–૪૮–૭૬ ચો.મી.અને રે.સ.નં.૪૪૯/૧ માંથી હે.આરે.૦૦–૧૦–૪૧ ચો.મી.એમ મળી કુલ હે.આરે.૩–૨૪–૩૫ ચો.મી.જમીન માં સામેલ લે–આઉટ પ્લાન મુજબ અરજદારશ્રીને પોતાની માલિકી હદમાં નિયમ પ્રમાણે બિલ્ટપ એરીયાની અંદર કોઈ અન્ય વ્યકિતના હિત કે હકકને નુકશાન ન થાય તે રીતે બાંધકામ કરવા પરવાનગી આપવમાં આવે છે.

મે.કલેકટરશ્રીપાટણનાહુકમનં.વીપી/જમીન/વશી/૧/૬૫૯થી૬૬૭/૨૦૧૩,કલેકટરકચેરીપાટણતા.૧૫/૨/૨૦૧૩ ના માપો પ્રમાણે મંજુર લે–આઉટ પ્લાનના માપો મુજબ બાંધકામ કરવા પરવાનગી આપવામાં આવે છે.

**નોંધ :–** ઉપર જણાવ્યા સિવાયનું અન્ય કોઈપણ કામ કરવા રજા મળતી નથી તેમ આથી સ્પષ્ટ સમજવાનું છે.

ઉપરોકત જણાવ્યા પ્રમાણે કામ કરવા તમારા હિસાબે અને જોખમે તેમજ નીચેની શરતોને આધીન રહીને બાંધકામ કરવાની પરવાનગી આપવમાં આવે છે.

***શરતો :–***

૧.૧૨ ફૂટની અંદર ઉચાઈના બારીબારણા, જાળી, માલીકીની જમીનની હદમાં ઉઘડે તેવા કરવાના છે.

૨.ખાળનું પાણી છુટું નહી વહેવાડવતાં તે બંધ પાઈપ વાટે જમીન સુધી ઉતારવાનું છે.

૩.સાયબન મકાનને કાયમ ચોટેલું નહિ પણ છુટું થઈ શકે તેવું બાર ફુટ ઉપરાંત ઉંચાઈએ મુકવાનું

છે.

૪.જાજરૂ ૦.૭૬ મીટરથી ઓછું નહી એટલા માપનું જોઈએ.

૫.ઝૂલતા કામની અલગ પરવાનગી માગવી.

૬.આ પરવાનગી મંજુરી આપ્યા તારીખ થી ૧૨(બાર) માસ સુધીજ અમલમાં રહેશે.

૭.ખાનગી તથા રેવન્યુ ખાતાની તકરારનું જોખમ પરવાનગી માંગનારના શીરે રહેશે. તેમજ પરવાનગી અસર કોઈના ખાનગી હકકને થતી નથી તેમ સમજવાનું છે.

૮.આ પરવાનગીથી વધારાનું બાંધકામ અત્રેનીઅગાઉની મંજુરી મેળવ્યા સિવાય કરીશકાશે નહી તેમ છતાં બીન પરવાનગીનું બાંધકામ કરવામાં આવેશે તો નિયમોનુંસાર કાર્યવાહી કરવામાં આવશે

૯.આપવામાં આવેલી પરવાનગીના કામે કોઈપણ પ્રકારનો પ્રશ્ન કે વાંધો ઉપસ્થીત થાય તેવા કામે આપવામાં આવતી પરવાનગી રદ કરવાનો અધિકાર તા.પં.ને રહેશે.

૧૦.આ પરવાનગી લાઈટ, પાણી, ગટર રસ્તા કે અન્ય કોઈ સગવડ આપવાની જવાબદારી રાખ્યા સિવાય આપવમાં આવી છે.

૧૧.રસ્તા ઉપર પાલખ તેમજ માટી રોડાં ઈંટ કચરો તેમજ ઈમારતી સામાન અંગેની પ્રથમથી રજા નથાય તેરીતે જરૂરી કાંઈ ન કરવું.

૧૨.સને ૧૯૭૯ના લેન્ડ રેવન્યું કોડ અન્યવયે લાગુ પડતા જેતે પેટા કાયદાઓ નિયમો અને વિ નિયમો થી નકકી થયેલ શરતો અને બોલીઓ મુજબ વર્તવાની શરતે આ પરવાનગી પડશે.

૧૩.લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જીન તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવા સંપુર્ણ જવાબદારી માલીકની રહેશે. અને અત્રેથી મંજુર કરેલ બીલ્ડીગ પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૪.પરવાનગી માંગેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી વર્ગીકૃત રસ્તાથી, રેલ્વેલાઈનથી,હાઈટેન્સન ઓવર હેડલાઈન ઈલેકટ્રીકથી અને ઓએનજીસીની પાઈપલાઈનથી છોડવા પડતા અંતર માટે સબંધીત ખાતા પાસેથી સ્થળ ઉપર બાંધકામશરૂકરતાં પહેલાં ના વાંધા પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. અને તે પ્રમાણે સ્થળ ઉપર બાંધકામ કરવાનું રહેશે.

૧૫.બીલ્ડીગ પ્લોટના માપો તથા ક્ષેત્રફળ મળી રહેતા હોયતોજ બાંધકામ કરવાનું રહેશે.

૧૬.પરવાનગી સર્વે નંબર અથવા અંતીમ ખંડ અગર પ્લોટોમાં અરજદાર જે જમીનના માલિક છે તે જમીન પુરતી આપવમાં આવેલ છે.

૧૭.આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનની હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુર મળતી નથી પરંતું નિયમોનુંસાર બાંધકામ અંગેની મંજુરી મળેલ છે.

૧૮.સદર પરવાનગીથી મળતી હકકોના નુકશાન અંગે તા.પં.કોઈપણ જવાબદારી લેતી નથી.

૧૯.આ પરવાનગી અધિકૃત અધિકારી જોવા માગેતો તેને બતાવવા માલિક બંધાયેલા છે તે નહિ બતાવશે તો તે કામ બંધ કરવા હુકમ કરશે તેમુજબ બંધ કરવુ પડશે.

૨૦.બાંધકામ નીચેનાં જમીન લેન્ડ એકવીજઝેશન એકટની(૧૮૯૪) મુજબ એકવાયર કરવાનો સદરહું એકટની કલમ અન્વયે નોટીફીકેશન નીકળ્યું હશેતો એકવીજઝેશન એકટની કલમ ૨૪(૭) મુજબ મે.કલેકટર સાહેબની રજા બાંધકામ શરૂ કરતાં પહેલા લેવાની રહેશ.

૨૧.પંચાયત તરફથી બંધકામ પરવાનગી આપવા બાબત હાલના નિયમો તથા વખતો વખતના નિયમો બંધનકર્તા રહેશે.

૨૨.તા.પં. તરફથી ઉપરની શરતોનો અમલ કરાવતાં માલિકને જે કંઈ નુકશાન ખોટકે હરકત થાય તે બદલ કોઈપણ બદલો મળી શકશે નહી અને કોઈ પણ શરતોનો ભંગ કરવામાં આવશે તો પરવાનગી આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે. અને તેમ થતા બાંધકામ બીન અધિકૃત અને ગેરકાયદેશરનું ગણી તે પરત્વે કાયદાનુંસાર પગલાં લેવાપાત્ર થશે.

૨૩.સદર હું મકાન ભુકંપપ્રુફ બનાવવાનું રહેશે.

૨૪. સદર મકાનનું વરસાદી પાણી જમીનમાં ઉતારી નિકાલ કરવાનો રહેશે.

તાલુકા વિકાસ અધિકારી

પાટણ

નં.તા.પં./જમીન/વશી/૩૯/૨૦૧૯

તાલુકા પંચાયત કચેરી,પાટણ

તારીખઃ ૨૩/ ૭ /૨૦૧૯.


પ્રતિ,

પ્રિન્સીપાલશ્રી, કેન્દ્રીય વિધાલય પાટણ

તા.જિ.પાટણ

PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT

મોજે:– સમાલપાર્ટી તા.પાટણ જિ.પાટણ
નં.એમ.આર. ૦૬/સ.ખર્ચ./૨૦૧૩
સ.નં.૪૪૯ પૈકી,૫૭૯/૧ તથા ૫૭૬ની
માપણીશીટ.




સમજુતી :–

——— કાળી સળંગ લીટી તેમજ કાળી તુટક લીટી મુજબ સ્થળે સરકારી કેન્દ્રિય વિધ્યાલય ને ફાળવેલ જમીનની માપણી કરેલ છે.
કાળી સળંગ લીટી મુજબ રે.સ.નં.૪૪૯ અ પૈકી,૫૭૯/૧ તથા ૫૭૬ ની હદ ગામ નકશાના રેકર્ડ આધારે નકકી થાય છે.

નોંધ– મે.કલેકટર સાહેબ પાટણના સુધારા હુકમ નં વીપી/જમીન–૨/વશી/૧/૧૨૪૬ થી૧૨૫૭ તા.૨૧/૦૪/૨૦૧૭ થી મોજે.સમાલપાર્ટી તા.જી.પાટણના રે.સ.નં.૪૪૯ અ પૈકી,૫૭૯/૧ તથા ૫૭૬ માં સરકારી કેન્દ્રિય વિધ્યાલય સંગઠન વિભાગ પાટણને ગ્રાંટ કરેલ જમીનની માપણી કરતાં નીચે મુજબ ક્ષેત્રફળ થાય છે. જે હુકમ મુજબ મળી રહે છે.

| અ.નં. | સ.નં | ક્ષેત્રફળ |
|---|---|---|
| (૧) | ૪૪૯/અ પૈકી | ૦–૧૦–૪૧ |
| | ૪૪૯/અ પૈકી | ૦–૮૦–૯૪ |
| (૨) | ૫૭૬ | ૦–૪૮–૭૬ |
| (૩) | ૫૭૯/૧ | ૨–૬૫–૧૮ (૨–૪૮–૭૬ + ૦–૧૬–૪૨. વહેણ) |
| | કુલ | ૪–૦૫–૨૯ |

ખાનગી ઉપયોગ સારૂ

સ્કેચ ...3...
નકલ ફી ...
મુકાબલ ફી ...
કુલ ...
ફોર્મ ફી ...
કુલ સરવાળા ...
... નંબર ... 873
... આપ્યા તારીખ ...
... કર્યા તારીખ ... 2020
... તારીખ ...

ખરી નકલ
હેડ કલાર્ક આસીસ્ટન્ટ
જિલ્લા નિરીક્ષક જમીન દફતર
પાટણ

સ્કેલ:–૧ સેમી – ૧૦ મીટર
મા.તા:–૨૮/૦૪/૨૦૧૭
મા.ક:– ...
આર.કે.ગામેતી.
પો.હિ.સરવેયર.

PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT
PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT
PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT